પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૯ | ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧, રવિવાર; પોષ વદ - ૩ | પાનાં - ૧૨ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતો માત્ર એક ફોન કૉલના જ અંતરે : મોદી

## સરકારે ખેડૂતોને જે પ્રસ્તાવ આપ્યો છે તે હાલ પણ યથાવત્ :વાતચીતનો રસ્તો હંમેશા ખુલ્લો, ખેડૂત આંદોલનનું સમાધાન વાતચીત મારફત જ શોધી શકાય છે

ન્યુ દિલ્હી,તા.૩૦

ધીમે ધીમે વેગ પકડી રહેલા ખેડૂતો આંદોલનને લઈને કેન્દ્ર સરકારે નવા કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો સાથે વાતચીતની શક્યતાઓ નકારી નથી અને તેને યથાવત રાખી છે. આજે સર્વપક્ષીય બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ખેડૂતોનો મુદ્દો વાતચીતથી જ હલ થશે. ખેડૂતોને આપવામાં આવેલો સરકારનો પ્રસ્તાવ આજે પણ યથાવત જ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેદ્ર સિંહ તોમરને કહ્યું હતું કે તે ખેડૂતોથી માત્ર એક ફોન કોલ જ દૂર છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયેલી બેઠકમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, સરકાર વિરોધી પ્રદર્શન કરી રહેલા ખેડૂતોના મુદાઓને વાતચીત દ્વારા ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સર્વપક્ષીય બેઠકમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, જે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે જે કહ્યું હતું હું પણ એ જ વાત દોહરાવવા માંગુ છું. અમે સર્વ સંમતિ સુધી નથી પહોંચ્યા પણ અમે તેમને (ખેડૂતો)ને ઓફર આપી રહ્યાં છીએ. તમે પણ આવો અને આ મામલે વિચાર કરો. પીએમ મોદીએ ખેડૂતોને કહ્યું હતું કે, તે માત્ર એક ફોન કોલ જ દૂર છું.

પ્રદર્શનકારી ખેડૉઓતોની માંગણી છે કે, સરકાર આ કાયદાઓને જ રદ કરે, પરંતુ સરકારે આ મામલે કોઈ વાત કરી

● અનુસંધાન પાન-૧૧ પર







## સિંધુ, ગાઝીપુર, ટિકરી બોર્ડર વિસ્તારોમાં ઈન્ટરનેટ બંધ

નવી દિલ્હી, તા. ૩૦

કૃષિ કાયદાઓ વિરુદ્ધ ખેડૂતોના આંદોલનથી પ્રભાવિત રાજધાની દિલ્હીની સિંધુ, ગાઝીપુર અને ટીકરી બોર્ડર સહિત આસપાસના વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા બંધ કરવાના સરકારે આદેશ આપ્યા હતા. અહીં ૨૯ જાન્યુઆરી રાત્રે ૧૧ વાગ્યાથી ૩૧ જાન્યુઆરી રાત્રે ૧૧ વાગ્યા સુધી ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી.

સરકારના આદેશને લઈને એક અધિકારીએ માહિતી આપતા જણાવ્યું કે દિલ્હીની ત્રણ સરહદો સિવાય તેની સાથે જોડાયેલા વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા બંધ રહેશે, આ પહેલા ૨૬ જાન્યુઆરીએ પણ દિલ્હીના કેટલાક વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી. આ મુદે સરકારે તમામ ખાનગી અને સરકારી ટેલિકોમ કંપનીઓને આદેશનું પાલન કરવા સૂચના આપી હતી. સરકારે આ નિર્ણય ખેડૂત આંદોલન દરમિયાન હિંસાને લીધે પ્રભાવિત શાંતિ, જાહેર સુવિધાઓ અને કાયદા વ્યવસ્થાને જાળવી રાખવા માટે લીધો હોવાનું માનવામાં આવે છે.

મારૂતિ સોફા વોશીંગ
રીપેરીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216 9924244276
મોકાસણવાળા

ચારધામ યાત્રા
પ્રવાસ : મે-જુન-સપ્ટેમ્બર-ઓક્ટોમ્બર-૨૦૨૧
By Plain Rs.22000/-*
દિવસ ૧૩/૧૪
By Train Rs.18000/-*
યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રિનાથ, હરીદ્વાર, ઋષિકેશ, દહેરાદુન, ચોપટા
રહેવા - જમવા તેમજ એર ટીકીટ - ટ્રેન ટીકીટ સાથે
અમી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ M. 96246 39750

TERMINAL-1
Veg. Food Court
ગીફ્ટ સીટી ગાંધીનગર પાસે, શાહપુર ગામ ચાર રસ્તા પર બનાવેલ ફૂડકોર્ટમાં તદ્દન નજીવા ભાડેથી રેસ્ટોરન્ટના બુકીંગ માટે મળો.
૯૮૨૫૦ ૫૧૨૫૬ - ભાવેશ ચૌહાણ




## શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી હસમુખભાઈ ખોડીદાસ પટેલ**

હરી ગ્રુપ (ગાંધીનગર)

સ્વર્ગવાસ તા. ૨૫-૦૧-૨૦૨૧, સોમવાર

તમારું જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા. અમે તમારા સરળ જીવન ઉચ્ચ વિચારો અને દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશું નહીં. ભગવાન તમારા આત્માને શાંતિ આપે.

tps The Property Shop